सत्यमेव जयते

## સુરતના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) સાહેબની કોર્ટમાં, મુ. સુરત

**ફોજદારી કેસ નંબર– ૨૯૪૭/૨૦૨૪**

**આંક–**

**::નમૂના – અ::**

| | |
|---|---|
| **મે.સુરત ના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે) સાહેબની કોર્ટ સમક્ષ, મુ.સુરત** | |
| ચુકાદાની તારીખ | ૨૧–૦૪–૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૨૯૪૭/૨૦૨૪ |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | ઇ.પી.કો કલમ–૩૨૩,૫૦૪,૩૨૬,૧૧૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૩૦–૧૨–૨૦૧૯ |
| પોલીસ સ્ટેશન | સુરત રેલ્વે પો.સ્ટે.સુરત |
| ફરિયાદ પક્ષ | શ્રી જ્ઞાનેશ્વર સ/ઓ સંજયભાઇ પાટીલ |
| રજુઆત | વિધ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી માર્ટીન પરમાર |
| આરોપી પક્ષ | **૧)પ્રશાંત ઉર્ફે બંધુક ભુરીયો સ/ઓ પ્રકાશ પાટીલ,**<br>ઉ.વ.૨૯, ધંધો : રીક્ષા ડ્રાઇવર,<br>રહે.: પ્લોટ નં.૬૦, ગૌતમનગર રામીપાક સોસાયટીની બાજુમાં ડીંડોલી સુરત, મુળ રહે.ગાવ.અમલનેર બસ સ્ટેન્ડ પાસે, જિ.જલગાંવ મહારાષ્ટ્ર.<br>**૨)કિરણ ઉર્ફે લોટો સ/ઓ મગન પાટીલ,**<br>ઉ.વ.૨૩, ધંધો : રીક્ષા ડ્રાઇવર,<br>રહે.: ગેટ નં.૫ રવિપાર્ક સોસાયટી કાપોદ્રા સુરત, મુળ રહે.ગામ.હુબાન્ડ બસ સ્ટેન્ડ પાસે તા.થાના–સિકરી, જિ.ધુલિયા(મહારાષ્ટ્ર).<br>**૩)દિપક ઉર્ફે ખેખડો સ/ઓ રામંચંદ્ર ચૌધરી(ફરાર),** |

| | |
|---|---|
| | ઉ.વ.૨૭,<br>રહે.: હાલ કડોદરા શ્રી નિવાસ ગ્રીન સીટી સાંઇ સિધ્ધી બિલ્ડીંગ રૂમ નં.૩૦૩, ત્રીજા માળે, તા.પલસાણા, જિ.સુરત, મુળ રહે.ધાનોરા બસ સ્ટેન્ડની પાછળ, તા.ધાનેરા, જિ.નંદુરબાર મહારાષ્ટ્ર. |
| આરોપી પક્ષ ની રજુઆત | – |

**::નમૂના – બ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૯–૧૨–૨૦૧૯ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૩૦–૧૨–૨૦૧૯ |
| આખરી માહિતી અહેવાલની તારીખ | ૨૮–૦૨–૨૦૧૯ |
| તહોમતનામાની તારીખ | ૩૦–૦૪–૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૪–૦૯–૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૭–૦૪–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૧–૦૪–૨૦૨૬ |
| સજા હુકમ જો લાગુ પડે તો | –– |

**:: આરોપીની વિગત ::**

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત ની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા ? / કે સજા કરી ? | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમય ગાળો જો કોઈ હોય તો સંહીતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **પ્રશાંત ઉર્ફે બંધુક ભુરીયો સ/ઓ પ્રકાશ પાટીલ (ફરાર),** ઉ.વ.૨૯, ધંધો : રીક્ષા ડ્રાઈવર, રહે.: પ્લોટ નં.૬૦, ગૌતમનગર રામીપાક સોસાયટીની બાજુમાં ડીંડોલી સુરત, મુળ રહે.ગાવ.અમલનેર બસ સ્ટેન્ડ પાસે, જિ.જલગાંવ મહારાષ્ટ્ર. | ૦૯/૦૧/૨૦૨૦ | ૧૭/૦૧/૨૦૨૦ | ઇ.પી.કો કલમ–૩૨૩,૫૦૪,૩૨૬, ૧૧૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબ | શંકાનો લાભ | – | – |
| ૨ | **કિરણ ઉર્ફે લોટો સ/ઓ મગન પાટીલ,** ઉ.વ.૨૩, ધંધો : રીક્ષા ડ્રાઈવર, રહે.: ગેટ નં.૫ રવિપાર્ક સોસાયટી કાપોદ્રા સુરત, મુળ રહે.ગામ.હુબાન્ડ બસ સ્ટેન્ડ પાસે તા.થાના–સિકરી, જિ.ધુલિયા(મહારાષ્ટ્ર). | ૦૬/૦૧/૨૦૨૦ | ૧૭/૦૧/૨૦૨૦ | ઇ.પી.કો કલમ–૩૨૩,૫૦૪,૩૨૬, ૧૧૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબ | શંકાનો લાભ | – | – |
| ૩ | **દિપક ઉર્ફે ખેખડો સ/ઓ રામંચંદ્ર ચૌધરી(ફરાર),** ઉ.વ.૨૭, રહે.: હાલ કડોદરા શ્રી નિવાસ ગ્રીન સીટી સાંઇ સિધ્ધી બિલ્ડીંગ રૂમ નં.૩૦૩, ત્રીજા માળે, તા.પલસાણા, જિ.સુરત, મુળ રહે.ધાનોરા બસ સ્ટેન્ડની પાછળ, તા.ધાનેરા, જિ.નંદુરબાર મહારાષ્ટ્ર. | ૦૯/૦૧/૨૦૨૦ | ૧૦/૦૨/૨૦૨૦ | ઇ.પી.કો કલમ–૩૨૩,૫૦૪,૩૨૬, ૧૧૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબ | શંકાનો લાભ | – | – |

**:: નમુનો ક ::**

**ફરીયાદી/બચાવ/ન્યાયાલય ના સાક્ષી ની યાદી**

**અ) ફરીયાદ પક્ષ**

| અનુ.નં. | સાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સ.૧ | દિપક બારકુ પાટીલ | ૧૬ | પંચ |
| ફ.સ.૧ | શાંતારામભાઈ આત્મારામભાઈ | ૧૯ | સાહેદ |
| ફ.સ.૨ | એકનાથ દગડુ નારાયણે | ૨૦ | સાહેદ |
| ફ.સ.૩ | આરીફ ઇબ્રાહીમભાઈ મનસુરી | ૨૧ | સાહેદ |
| ફ.સ.૪ | સંજયભાઈ પંડિતભાઈ પાટીલ | ૨૨ | સાહેદ |
| ફ.સ.૫ | મીરાબાઈ સંજયભાઈ | ૨૩ | સાહેદ |
| ફ.સ.૬ | ધનરાજભાઈ સંજયભાઈ પંડિતભાઈ પાટીલ | ૨૪ | સાહેદ |
| ફ.સ.૭ | ભરતકુમાર રમેશભાઈ | ૨૫ | સાહેદ |
| ફ.સ.૮ | કેસરસિંહ ઉદેસિંહ | ૨૭ | સાહેદ |
| ફ.સ.૯ | યશવંતસિંહ ભીમસિંહભાઈ વાઘેલા | ૩૦ | ત.ક.અ. |
| ફ.સ.૧૦ | ડામોર રાધાબેન પારથીંગભાઈ | ૩૩ | ત.ક.અ |
| ફ.સ.૧૧ | મનોજકુમાર ગુલાબરાવ પાટીલ | ૩૯ | ત.ક.અ. |
| ફ.સ.૧૨ | અનવરભાઈ હસનભાઈ | ૪૨ | સાહેદ |

**બ) બચાવ પક્ષ**

| અનુ નં | સાહેદનુ નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | – | – |
| બ.સ.૧ | – | – |

**ક) ન્યાયાલય**

| અનુ નં | સાહેદનુ નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |
| ન્યા.સ.૧ | – | – |

નોંધ :- ઉપરોકત સાક્ષીના પુરાવ ના પ્રકાર માં લાગુ પડતો પુરાવાનો પ્રકાર જેમ કે, નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી), પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબ સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી તરીકે સંબોધવુ )

**ફરીયાદી / બચાવ / ન્યાયાલના આંકની યાદી**

**અ) ફરીયાદ પક્ષ**

| અનુ નં. | આંક સખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | આંક ફ – ૧૭ | પંચનામુ |

| | | |
|---|---|---|
| ૨ | આંક ૬ – ૩૧, ૩૨ | પંચનામુ |
| ૩ | આંક ૬ – ૩૫ | અટક પંચનામુ |
| ૪ | આંક ૬ – ૩૬ | અટકની નોંધ કરવા માટે પીએસઓને કરેલ યાદી |
| ૫ | આંક ૬ – ૩૭ | પંચનામુ |
| ૬ | આંક ૬ – ૪૦ | ગુનો સંભાળી લેવા બાબતનો હુકમ |
| ૭ | આંક ૬ – ૪૩ | પેશન્ટની સારવાર કરવા બાબતની યાદી |
| ૮ | આંક ૬ – ૪૪ | ઈજા પામનારનું બ્લડ સેમ્પલ લેવા માટે કરેલ યાદી |
| ૯ | આંક ૬ – ૪૫ | ફરિયાદ |
| ૧૦ | આંક ૬ – ૪૬ | ગુનો દાખલ કરવા પીએસઓ સુરતને કરેલ યાદી |

**બ) બચાવ પક્ષ**

| **અનુ નં** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | આંક બ –૧/બ.સ.૧ | – |
| ૨ | આંક બ –૨/બ.સ.૨ | – |

**ક) ન્યાયાલય આંક**

| **અનુ નં** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | આંક ન્યા–૧/ન્યા.સ.૧ | – |
| ૨ | આંક ન્યા–૨/ન્યા.સ.૨ | – |

**ડ.ભૌતિક પદાર્થ :–**

| **અનુ નં** | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ભૌ ૫–૧ | – |
| ૨ | ભૌ ૫–૨ | – |

**–:: ઠરાવ ::–**

(૧) **<u>ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–</u>**

આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા.૧૯/૧૨/૨૦૧૯ ના રોજ કલાક ૧૨/૦૦ વાગ્યાના અરસામાં ઉધના રેલ્વે સ્ટેશનની દક્ષિણે આવેલ રેલ્વેની ઓફિસ અને દરગાહની વચ્ચે કંમ્પાઉન્ડમાં ફરિયાદીએ દરગાહ તરફ જવાની ના પાડતા આ કામના આરોપીઓએ ગાળો આપી ઢીકકા–મુકકીનો માર મારી તેમજ આરોપી નં.૩ નાએ તલવાર ધારણ કરી તથા આરોપી નં.૧ નાએ તેની પાસેના છરાથી ખભા પાસે ગળાના ભાગે ઘા મારી મહાવ્યથા નિપજાવી ગાળો આપી સુરત શહેરના પોલીસ કમિશ્નરશ્રીના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો કલમ–

૩૨૩,૫૦૪,૩૨૬,૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો ગુન્હો કરેલ હોય આ અંગે આરોપી સામે સુરત રેલ્વે પોલીસ સ્ટેશન પ્રથમ બાતમી નંબર ફર્સ્ટ ૫૩૦/૨૦૧૯ તા.૩૦/૧૨/૨૦૧૯ થી ચાર્જશીટ કરી ત.ક.અ. એ તપાસ કરતા પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) **<u>કોર્ટ કાર્યવાહી :–</u>**

ત્યારબાદ આ કામના આરોપીઓ સમન્સ કરતા, આરોપી નં.૧,૨ હાજર રહેલ છે અને અનેકવાર આરોપી નં.૩ ને સમન્સ/વોરંટ કરવા છતાં પણ આરોપી નં.૩ હાજર થયેલ ન હોય આરોપી નં.૩ નો સીઆરપીસી કલમ ૨૯૯ મુજબ પુરાવો રેકર્ડ કરવાનો હુકમ કરવામાં આવેલ છે અને આરોપી નં.૧,૨ નાઓને સીઆરપીસી કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર આપી આંક–૧૨ થી તહોમતનામુ ફરમાવી આંક–૧૩ અને ૧૪ થી આરોપીનું નિવેદન લેતા આરોપીએ ગુનો કબુલ નહી હોય જેથી આ કામનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) **<u>આરોપીઓનું વિશેષ નિવેદન :–</u>**

ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેઓની સામેના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને ખોટો કેસ કરેલ છે.

(૬) **<u>દલીલો :–</u>**

અ) ***<u>ફરીયાદપક્ષની દલીલ :–</u>***

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી માર્ટીન પરમારની દલીલ છે કે તેઓ આ કામના ડોકટરનો પુરાવો તથા અન્ય સાહેદોના પુરાવાઓ ધ્યાને લેવામાં આવે તો ફરિયાદપક્ષે તેનો કેસ નિ:શંકપણે આરોપી નં.૧ અને ૨ તરફે વિ.વ.શ્રી જયોતી આર.પાંડેને સાંભળવામાં આવેલા છે. તેઓની દલીલ છે કે ફરિયાદીને તપાસેલ નથી અને અન્ય કોઈ નજરેજોનાર સાહેદ નથી તેથી ફરિયાદને માત્ર આંક પાડવાથી ફરિયાદને સાબિત કરી શકાય નહી. પરંતુ તેના તત્વો સાબિત કરવા પડે અને ફરિયાદી તરફે સાહેદ તપાસેલ ન હોય હાલના કામે આરોપીઓએ ગુનો કરેલ છે તેવું ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ નહી હોય નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે અરજ ગુજારેલ છે.

બ) ***બચાવપક્ષની દલીલ :–***

બચાવપક્ષે વિ.વ.શ્રીની દલીલ છે કે ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામા નીષ્ફળ નીવડેલ હોય આરોપીઓને નીર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૫) ઉપરોકત હકીકતો તથા દલીલો ધ્યાને લેતા આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા.૧૯/૧૨/૨૦૧૯ ના રોજ કલાક ૧૨/૦૦ વાગ્યાના અરસામાં ઉધના રેલ્વે સ્ટેશનની દક્ષિણે આવેલ રેલ્વેની ઓફિસ અને દરગાહની વચ્ચે કંમ્પાઉન્ડમાં ફરિયાદીએ દરગાહ તરફ જવાની ના પાડતા આ કામના આરોપીઓએ ગાળો આપી ઢીકકા–મુકકીનો માર મારી તેમજ આરોપી નં.૩ નાએ તલવાર ધારણ કરી તથા આરોપી નં.૧ નાએ તેની પાસેના છરાથી ખભા પાસે ગળાના ભાગે ઘા મારી મહાવ્યથા નિપજાવી ગાળો આપી સુરત શહેરના પોલીસ કમિશ્નરશ્રીના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ઇ.પી.કો કલમ–૩૨૩,૫૦૪,૩૨૬,૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શુ હુકમ ? |

(૬) ઉપરોકત મુદાનો મારો જવાબ નીચે મુજબ છે.

(૧) '' નકારમાં ''

(૨) ''આખરી હુકમ મુજબ.''

(૭) આ માટેના કારણો નીચે મુજબ છે

**<u>–:: પુરાવાનુ મુલ્યાંકન ::–</u>**

**(૮) મુદા નં.–૧ ની ચર્ચા :–**

આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી સ્વરૂપનો હોય ફોજદારી ન્યાયશાસ્ત્ર અનુસાર તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ –૧૦૧ થી ૧૦૩ અનુસાર આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના સીરે રહેલો છે. ક્રિમિનલ જસ્ટિસ ડિલિવરી સિસ્ટમ મુજબ ફરીયાદીપક્ષે આરોપીસામે મુકવામાં આવેલ ત્હોમત ''બીયોન્ડ રીઝનેબલ ડાઉટ'' યોગ્ય અને નિ:શંક પુરાવો રજૂ કરીને પુરવાર કરવાનું હોય છે કે, આરોપી દોષિત છે અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનું રહે છે. આરોપી નિર્દોષ છે તેવું આરોપીએ પુરવાર કરવાનું હોતું નથી. એમ કહી શકાય કે ફોજદારી કેસમાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠેરવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલુ રહેવાનું હોય છે અને નામ. કોર્ટ ધ્વારા બાદમાં આવેલા અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય પુરતો અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને કરવાનું રહે છે. ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષ મુકત અગર બેનિફિટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે.

(૯) <u>કાયદાની જોગવાઈઓ</u> :–

ફરીયાદપક્ષે આ કામે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ અને જી.પી.એકટ ૧૩૫ મુજબનો આક્ષેપ છે. તો સૌપ્રથમ આ કલમ અંગે જોઈએ તો,

(૯.૨)<u>કલમ: ૩૨૪ :– ભયાનક શસ્ત્રો કે સાધનો ધ્વારા સ્વચ્છાપુર્વક વ્યથા પહોંચાડવાની સજા</u>

કોઈ પણ વ્યકિત, કલમ ૩૩૪ માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય ગોળી છોડવાનાં, ભોંકવાનાં અથવા કાપવાનાં સાધન વડે અથવા જે સાધનન આક્રમક હથિયાર તરીકે વાપરવાથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે તપાવેલાં કોઈ પદાર્થ વડે અથવા ઝેર કે ક્ષયજનક પદાર્થ વડે અથવા કોઈ સ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનિકારક નિવડે તેવાં પદાર્થ વડે અથવા કોઈપ પ્રાણી મારફત સ્વેચ્છપુર્વક વ્યથા પહોંચાડે તેને ત્રણ વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

<u>કલમ ૩૨૪ ના તત્વો</u> :–

૧. આરોપીએ ભોગ બનનારને શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવી.

૨. આવી ઈજા આરોપીઓ, ઈજા પહોંચાડવાનાં ઈરાદાથી અથવા તેને વ્યથા થાય તેવો સંભવ હોવાનું જાણવા છતાં એટલે કે સ્વેચ્છપુર્વક  પહોંચાડી.

૩.આ ઈજા ગોળી છોડવાના અથવા ભોંકવાના અથવા કાપવાના સાધન વડે કરવામાં આવી હતી અથવા જે સાધનનો આકમક હથિયાર તરીકે ઉપયોગ કરવાથી મૃત્યુ નિપજવા સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે તપાવેલા કોઈ પદાર્થ વડે ઝેર કે ક્ષયજનક પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ વડે કરવામાં આવી હતી અથવા કોઈ પદાર્થ શ્વાસમાં લેવાથી, ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનિકારક નિવડે તેવા પદાર્થ વડે કે કોઈ પ્રાણી મારફત આવી વ્યથા પહોંચાડવામાં આવી હતી.

**(૯.૩)કલમ: ૫૦૪ : સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા બાબત :–**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે એવા  ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે એવો સંભવ હોવાનું જાણવા છતાં, જે કોઈ વ્યકિત, ઈરાદાપૂર્વક બીજી કોઈ વ્યકિતનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષની મુદૃત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**કલમ ૫૦૪ ના તત્વો :–**

૧. આરોપીએ કોઈ વ્યકિતનુ અપમાન કરેલુ છે.

૨. તેણે આમ ઈરાદાપુર્વક કરેલુ છે.

૩. આમ કરીને તેણે તે વ્યકિતને ઉશ્કેરેલી છે.

૪. આવી ઉશ્કેરણીથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા અન્ય કોઈ ગુનો કરશે તેવી સંભાવના હોવાની જાણકારી અથવા ઈરાદાથી આમ આરોપીએ કરેલુ હતુ.

**(૯.૪)કલમ ૩૨૬ :– ભયંકર હથિયાર અથવા સાધનો વડે સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા બાબત**

જે કોઇ વ્યકિત, કલમ ૩૩૫ માં જણાવેલ સંજોગોમાં હોય તે સિવાય ગોળી છોડવાના, ભોંકવાના, કાંપવાના કોઇ સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથિયાર તરીકે વાપરવાથી મોત નિપજવાનો સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે કોઇ તપાવેલ પદાર્થ વડે અથવા કોઇ ઝેરી કે ક્ષયજનક (સડો કરે તેવું) પદાર્થ વડે કોઇ વિસ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ સ્વાસમાં લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવ શરીરને નુકસાનકારક હોય તેવા પદાર્થ વડે અથવા કોઇ કોઇપણ પશુ મારફત સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરે તેને ૧૦(દસ)વર્ષની મુદત સુધીની બેમાંથી કોઇપણ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**<u>કલમ ૩૨૬ ના તત્વો :–</u>**

આરોપીએ...,

- (અ)ગોળી છોડવાના, ભોંકવાના અથવા કાંપવાના સાધન વડે અથવા
- (બ)એવું ધારદાર તીક્ષ્ણ હથિયાર કે જેનાથી ઇજા થવાથી મૃત્યુ નિપજે તેવી સંભાવના હોય તેવા સાધન વડે અથવા
- (ક)આગ કે ગરમ સાધન વડે
- (ડ)ઝેરી કે વિનાશક પદાર્થ કે સ્ફોટક પદાર્થ કે અથવા જે પદાર્થ સ્વાસમાં જવાથી અથવા જે પદાર્થ ગળી જવાથી અથવા લોહીમાં ભળી જવાથી માનવ શરીરને હાનિ થાય એમ હોય એવા પદાર્થ વડે અથવા પ્રાણી ધ્વારા સ્વેચ્છાએ ભોગ બનનારને મહાવ્યથા પહોંચાડેલ છે.

**(૯.૫ )કલમ:–૧૧૪ :– ગુનો આચરવામાં આવે તયારે મદદગારની હાજરી.**

પોતે હાજર નહી અને પોતે કરેલ મદદગારીના પરીણામે થયેલ જે કૃત્ય માટે મદદગારી તરીકે કોઈ વ્યકિત સજાને પાત્ર થાય તેવુ કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે તેમ ગણાશે.

**તત્વો:–**

૧. મુખ્ય ગુનો બન્યો હોવો જોઈએ, એટલે કે જે ગુનાની મદદગારી કરવામાં આવી હોય તે ગુનો બન્યો હોવો જોઈએ.

૨. તે મુખ્ય ગુનામાં મદદગારી કરી હોવી જોઈએ.

૩. ગુનો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઈએ.

૪. અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી થાય તેની મદદગારી તેણે કરી હોવી જોઈએ.

૫. ગુનો બનતા પહેલા તથા ગુનો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

**<u>ફરિયાદી સાહેદનો પુરાવો</u>**

**(૧૦ )** આ કામના ફરિયાદીની તપાસ કરનાર ડો.સી.આર.ધીચા તા.૧૦/૧૨/૨૩ ના રોજ અવસાન ગયેલ હોય તેમનો મરણનો દાખલો આવેલ હોય તેઓને તપાસવામાં આવેલ નથી અને કોઇ મુખ્ય પુરાવો નથી.

**(૧૧)** ફરિયાદી સાહેદ નં.૧ **(PW-1)** દિપક બારકુ પાટીલ ને ફરિયાદપક્ષે આંક–૧૬ થી તપાસવામાં આવેલા છે જે ફરિયાદીના શરીરસ્થિતિના પંચ છે. પરંતુ તેઓ હોસ્ટાઇલ થયેલ છે.....

**(૧૨)** ફરિયાદી સાહેદ નં.૨ **(PW-2)** શાંતારામ આત્મારામ પાટીલને ફરિયાદપક્ષે આંક–૧૯ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે બનાવ ચાર–પાંચ વર્ષ પહેલા બનેલ તે વખતે તેઓ તથા એકનાથ દગડુ નારાયણ ઉધના રેલ્વે સ્ટેશન સામે ચા પીતા હતા ત્યારે અંદરથી જ્ઞાનેશ્વર બહાર આવેલો તેને ગળાના ડાબી તરફ વાગેલું હતુ અને તેઓને બોલાવતા હતા જેથી તેમને રીક્ષામાં સાહેદ અને દગડુ બંને સીવીલ મજુરાગેટ હોસ્પિટલ લઇ ગયેલ હતા અને જ્ઞાનેશ્વરને કોણે ઈજા પહોંચાડેલ તે તેઓને પાછળથી ખબર પડેલ. ઉલટતપાસમાં તે વાતનો સ્વીકાર કરેલ છે કે બનાવ કેવી રીતે બનેલ તે તેમને ખબર નથી. અને તેઓએ બનાવ જોયેલ નહી હોય અને કોઇ જ ખબર નહી હોય માત્ર દવાખાને લઇ ગયેલાના સાહેદ છે.

**(૧૩)** ફરિયાદી સાહેદ નં.૩ **(PW-3)** એકનાથ દગડુ નારાયણે આંક–૨૦ થી ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા આવેલા છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ પાંચ વર્ષ પહેલા બનેલ હોય તેઓ તથા શાંતારામભાઇ ઉધના રેલ્વે સ્ટેશન સામે બેસેલ હતા ત્યારે સ્ટેશનની અંદરથી જ્ઞાનેશ્વર બહાર આવેલો તને ગળામાંની ડાબી તરફ વાગેલું હતુ અને તે બોલાવતા હતા જેથી શાંતારામભાઇની રીક્ષામાં તેઓ ને શાંતારામભાઇ સીવિલ મજુરાગેટ હોસ્પિટલ લઇ ગયેલા અને દાખલ કરી નીકળી ગયેલા. આ સાહેદને પણ જ્ઞાનેશ્વરને કોણે ઈજા પહોંચાડેલ તે તેમને પાછળથી ખબર પડેલ હતી તેમ જણાવે છે અને આ સાહેદ માત્ર રીક્ષામાં હોસ્પિટલ લઇ ગયેલ તે સિવાય તેમને કશી ખબર નથી.

**(૧૪)** ફરિયાદી સાહેદ નં.૪ **(PW-4)** આરીફ ઇબ્રાહીમભાઇ મનસુરીને આંક–૨૧ થી ફરિયાદક્ષે તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે બનાવના દિવસે તેમની

નોકરી એસ.એસ.પી.ડબલ્યુ. આઇ ઉધનામાં પ્યુન તરીકે ફરજ બજાવતા હતા ત્યારે અજાણ્યા ઇસમોએ જ્ઞાનેશ્વરને માર મારેલો, કેવી રીતે મારેલો તે તેઓને ખબર નથી અને તઓએ બનાવ નજરે જોયેલ નથી. આ સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસના પ્રશ્નો પુછવામાં આવેલ છે તેમ છતાં પણ તેઓએ ફરિયાદપક્ષને કોઇ મદદ કરતા જુબાની આપેલ નથી.

(૧૫) ફરિયાદી સાહેદ નં.૫ **(PW-5)** સંજયભાઇ પંડિતભાઇ પાટીલને આંક–૨૨ થી ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા છે તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે તેઓને તેમના પત્ની મીરાબાઇએ જણાવેલ કે તેમની બાજુમાં રહેતા સુનંદા બેને તેમને જણાવેલ હતુ કે જ્ઞાનેશ્વરને અકસ્માત થયેલ છે અને તેથી તેઓ હોસ્પિટલ ગયેલ અને ત્યારે તેમના દિકરા જ્ઞાનેશ્વરને ઉધના રેલ્વે સ્ટેશન પાર્કીંગમાં આરોપીઓએ માથાખુટ થયેલી અને તેમને ઈજા કરેલાનું જણાવેલ હતુ. આ સાહેદ વધુમાં જણાવે છે કે ફરિયાદી જ્ઞાનેશ્વર તેમનો પુત્ર થાય છે અને હાલ તે કયાં છે તે તેમને ખબર નથી અને તેનો કયારેક કયારેક ફોન આવે છે. આ સાહેદે પણ બનાવ જોયેલ નથી કે કોઇ પર્સનલ માહિતી નથી.

(૧૬) ફરિયાદી સાહેદ નં.૬ **(PW-6)** મીરાબાઇ સંજયભાઇ પાટીલને આંક–૨૩ થી ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા છે. તેઓ ફરિયાદીના માતા થાય છે. તેઓને પણ ફરિયાદી કયા છે તે ખબર નથી કયારેક કયારેક ફોન આવતો હોવાની હકીકત જણાવે છે. વધુમાં તેઓને સુનંદાબેને જણાવેલ કે જ્ઞાનેશ્વરને અકસ્માત થયેલ છે તેથી તેઓ હોસ્પિટલ જતા હોસ્પિટલ જતા જ્ઞાનેશ્વરે તેમને ઉધના રેલ્વે સ્ટેશન પાર્કીંગમાં બંદુક  ભુરીયા, ખેતલા દિપક તથા લંબુ લોટન સાથે માથાખુટ થતા ઈજા થયેલાનું જણાવેલ હતું.

(૧૭) ફરિયાદી સાહેદ નં.૭ **(PW-7)** ધનરાજભાઇ સંજયભાઇ પાટીલ કે જે ફરિયાદીના પિતા થાય છે તેઓએ પણ તેમના ફરિયાદીના માતા અને ભાઇ જેવી જુબાની આપેલ છે.

(૧૮) ફરિયાદી સાહેદ નં.૮ **(PW-8)** ભરતકુમાર રમેશભાઇને આંક–૨૫ થી ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા છે. તેઓ તથા ફરિયાદી સાહેદ નં.૯**(PW-9)**કેસરસિંહ ઉદેસિંહ તેઓ બંને આ કામના આરોપીઓ નાસતા ફરતા હોય તેઓને પકડવા માટે સાથે ગયેલા અને તેઓને પકડેલા. તેઓ બનાવ વિશે કશી ખબર નહી હોવાનું જણાવે છે.

(૧૯) ફરિયાદી સાહેદ નં.૧૦ **(PW-10)** યશવંતસિંહ ભીમસિંહભાઇ વાઘેલાને આંક–૩૦ થી ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા છે. તેઓ આ કામના પ્રથમ ત.ક.અ. છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે ફરિયાદ દાખલ કરી આગળની તપાસ તેમને સોંપતા તેઓએ સંભાળી લીધેલ હતી. અને અનવરભાઇ નાઓએ ઈજા પામનાર ને નિવેદન લેવા સારૂ હોસ્પિટલમાં મોકલી આપેલ હતા અને દર્દી ભાનમાં આવતા તેઓએ જે ફરિયાદીનું  નિવેદન લીધેલું તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલું અને

આરોપીઓને અટક કરેલા તથા વાપરેલ હથિયાર છરો આરોપી પ્રશાંતની આંક–૩૧ વાળા પંચનામાથી વિગતે કબજે કરેલ અને પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલી અને આરોપીને ઓળખી બતાવેલ છે. આ સાહેદ ત.ક.અ. છે અને તેને તપાસ કરતા પુરતા પુરાવાની ચાર્જશીટ કરેલાની હકીકત જણાવે છે.

(૨૦) ફરિયાદી સાહેદ નં.૧૧ **(PW-11)** ડામોર રાધાબેન પાર્થિંગભાઇને આંક–૩૩ થી ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા છે. તેઓ આ કામના બીજા ત.ક.અ. છે. અને તેઓએ દિપક ઉર્ફે ખેગડાને અટક કરેલ છે અને તેવું પંચનામુ આંક–૩૪ થી રજુ કરેલ છે તથા અટક પંચનામુ આંક–૩૫ થી રજુ કરેલ છે તથા અટકની નોંધ કરતી યાદી આંક–૩૬ થી તથા રીકન્સટ્રકશન પંચનામુ આંક–૩૭ થી રજુ કરેલ છે. જેમાં તલવાર કબજે કરેલી છે. આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી તથા જાહેરનામુ આંક–૩૮ થી રજુ કરેલ છે.

(૨૧) ફરિયાદી સાહેદ નં.૧૨ **(PW-12)** મનોજકુમાર ગુલાબરાવ પાટીલને આંક–૩૯ થી ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા છે તેઓ ત્રીજા ત.ક.અ. છે અને તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે તેઓએ લાગતાવળગતા સાહેદોના નિવેદનો લીધેલ હતા અને તેઓ કોર્ટમાં મુદતમાં આવતા તેઓને આ નિવેદનો તેમને સોંપેલાની હકીકત જણાવે છે. જયારે ઉલટતપાસમાં ડિનાઇલના પ્રશ્નો પુછવામાં આવેલા છે.

(૨૨) ફરિયાદી સાહેદ નં.૧૩ **(PW-13)** અનવરભાઇ હસનભાઇ ને આંક–૪૨ થી ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા છે તેઓ આ કામના તપાસ કરનાર અમલદાર છે અને તેઓએ ફરિયાદ હોસ્પિટલમાં જઇને દાખલ કરેલ હતી. જે ફરિયાદ આંક–૪૫ થી રજુ કરેલ છે તથા આંક–૪૩ થી સારવાર યાદી અને આંક–૪૪ થી બ્લડ સેમ્પલની તપાસ કરવા માટેની યાદી કરેલ છે. આંક–૪૬ થી ગુનો દાખલ કરવાની યાદી કરેલ છે. આંક–૪૭ થી કાગળો સંભાળી લેવાની યાદી કરેલ છે. આ સાહેદ ફરિયાદીની ફરિયાદ લેવા માટે ગયેલા અને ફરિયાદીએ તેમની રૂબરૂ આ ફરિયાદ લખાવેલ છે તથા આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમાં તેઓને બનાવની હકીકત વિશે કશી જ ખબર નથી તેમ જણાવે છે.

આમ, તમામ તપાસવામાં આવેલા સાહેદોની જુબાની એકસાથે વંચાણે લેવામાં આવે તો આ કામના ફરિયાદી જ્ઞાનેશ્વરને અનેકવાર આ કોર્ટથી સમન્સ કરવામાં આવેલ છે પરંતુ તેઓ જુબાની આપવા માટે આવેલ નથી અને આ કેસની એફ.આઇ.આર. ૨૦૧૯ માં થયેલ હતી તેનું ચાર્જશીટ વર્ષ ૨૦૨૧ માં થયેલ હતું. છેલ્લા પાંચ વર્ષથી ફરિયાદી આવતા નથી અને ફરિયાદીના માતા–પિતા તથા ભાઇની જુબાનીમાં ફરિયાદી કયાં છે તે તેઓને ખબર નથી માત્ર ફોન આવેલા છે તે હકીકત જણાવે છે. જેથી ફરિયાદીને તપાસવામાં આવેલ નથી. જેથી ફરિયાદ લેનાર સાહેદની જુબાનીમાં હાલની ફરિયાદ આંકે આપવામાં આવેલ છે પરંતુ આ ફરિયાદના તત્વો સાબિત કરવા માટે ફરિયાદીને તપાસવા જરૂરી છે કેમ કે, ફરિયાદ લેવામાં આવેલ તે જેના રૂબરૂ ફરિયાદ લેવામાં આવેલ તે સ્વીકારે છે કે બનાવ વિશે તેઓને

કંઇ જાત માહિતી નથી આમ, ફરિયાદપક્ષ ફરિયાદના તત્વો નિ:શંકપણે સાબિત કરી શકેલ ન હોય આ તમામ ચર્ચાના અંતે મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે. .

***-:: હુ ક મ ::-***

આ કામના આરોપી નં.**૧)પ્રશાંત ઉર્ફે બંધુક ભુરીયો સ/ઓ પ્રકાશ પાટીલ,**ઉ.વ.૨૯, ધંધો : રીક્ષા ડ્રાઈવર, રહે.: પ્લોટ નં.૬૦, ગૌતમનગર રામીપાક સોસાયટીની બાજુમાં ડીંડોલી સુરત, મુળ રહે.ગાવ.અમલનેર બસ સ્ટેન્ડ પાસે, જિ.જલગાંવ મહારાષ્ટ્ર, **૨)કિરણ ઉર્ફે લોટો સ/ઓ મગન પાટીલ,** ઉ.વ.૨૩, ધંધો : રીક્ષા ડ્રાઈવર, રહે.: ગેટ નં.૫ રવિપાર્ક સોસાયટી કાપોદ્રા સુરત, મુળ રહે.ગામ.હુબાન્ડ બસ સ્ટેન્ડ પાસે તા.થાના-સિકરી, જિ.ધુલિયા(મહારાષ્ટ્ર),**૩)દિપક ઉર્ફે ખેખડો સ/ઓ રામચંદ્ર ચૌધરી(ફરાર),**ઉ.વ.૨૭, રહે.: હાલ કડોદરા શ્રી નિવાસ ગ્રીન સીટી સાંઇ સિધ્ધી બિલ્ડીંગ રૂમ નં.૩૦૩, ત્રીજા માળે, તા.પલસાણા, જિ.સુરત, મુળ રહે.ધાનોરા બસ સ્ટેન્ડની પાછળ, તા.ધાનેરા, જિ.નંદુરબાર મહારાષ્ટ્ર નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) મુજબ ઈ.પી.કો.કલમ- ૩૨૩, ૫૦૪,૩૨૬,૧૧૪ અને જી.પી.એકટ ૧૩૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ સી.આર.પી.સી. કલમ-૪૩૭(એ) અન્વયે વધુ છ માસના સમયગાળા સુધીના રૂ.૫૦૦૦/-ના જામીન રજુ કરવાના રહેશે.

હુકમ આજરોજ તારીખ ૨૧ મી એપ્રિલ ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૧/૦૪/૨૦૨૬
સુરત

(પંકજ રાઠોડ )
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે),
સુરત
(જી.જે.૦૧૪૬૮)